# જુનાગઢ મહાનગરપાલિકા, જુનાગઢ

## સીધી ભરતી અંગેની જાહેરાત - ૨૦૨૪

નં.મ.ન.પા.જુ./એડીએમ/મહેકમ/મનપા/સીધી-ભરતી/૧૫૧૮/૨૦૨૪ તા.૧૨/૦૩/૨૦૨૪

જુનાગઢ મહાનગરપાલિકાની મંજુર થયેલ સેટઅપ પૈકીની નીચે જણાવેલ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે નિયત નમુનામાં જુનાગઢ મહાનગરપાલિકાની વેબસાઇટ દ્વારા માત્ર ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://junagadhmunicipal.org/ વેબસાઇટ પર તા.૧૪/૦૩/૨૦૨૪, ૧૪-૦૦ કલાક થી તા.૦૩/૦૪/૨૦૨૪, સુધી રાત્રીના ૨૩-૫૯ કલાક સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

| જા. ક્રમાંક | જગ્યાનું નામ | ભરવાપાત્ર કુલ જગ્યા | બિન અનામત | | સા.શૈ.પ.વર્ગ | | અનુ. જાતિ | | અનુ. જનજાતિ | | આ.ન.વ. | | માજી સૈનિક | દિવ્યાંગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | | |
| ૧ | ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ, વર્ગ-૩ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨ | આસિ.લીગલ ઓફિસર અને લેબર ઓફિસર, વર્ગ-૩ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૩ | સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ, વર્ગ-૩ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૪ | સબ એકાઉન્ટન્ટ(ટ્રેઝરર), વર્ગ-૩ | ૪ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૫ | કેમીસ્ટ, વર્ગ-૩ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૬ | સીનીયર કલાર્ક, વર્ગ-૩ | ૯ | ૫ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૭ | જુનીયર કલાર્ક, વર્ગ-૩ | ૨૨ | ૭ | ૩ | ૦ | ૦ | ૨ | ૧ | ૫ | ૨ | ૨ | ૦ | ૨ | ૧ |
| | કુલ - | ૪૪ | ૨૩ | ૫ | ૩ | ૦ | ૨ | ૧ | ૬ | ૨ | ૨ | ૦ | ૨ | ૭ |

શરતોઃ -

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલથી કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફકત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગારધોરણ તેમજ અન્ય માહિતીઓ જુનાગઢ મહાનગરપાલિકાની વેબસાઇટ https://junagadhmunicipal.org/ પરથી મેળવવાની રહેશે. (૩) ઉમેદવારે નિયત થયેલ ફી તા.૦૩/૦૪/૨૦૨૪, ૨૩-૫૯ કલાક સુધીમાં ઓનલાઇન ભરપાઇ કરવાની રહેશે. ફી વગરની અરજીઓ આપોઆપ નામંજુર ગણવામાં આવશે. (૪) આ ભરતી પ્રક્રિયા બાબતે પસંદગી સમિતિ દ્વારા જરૂર જણાય તો મેરિટ આધારીત શોર્ટ લિસ્ટેડ થયેલ ઉમેદવારોને જ ફકત પ્રથમ તબ્બકે ફિઝીકલ ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં બોલાવવામાં આવશે. (૫) સરકારશ્રીના નિતિ નિયમો અનુસાર અનામત કક્ષાના ઉમેદવારોને ઉમરમાં છુટછાટ આપવામાં આવશે. (૬) સરકારશ્રીના નીતિ નિયમોનુસાર SC, ST, SEBC, મહિલા અનામત, દિવ્યાંગ, માજી સૈનિક, E.W.S. વિગેરે માટે જગ્યાઓ અનામત રાખવામાં આવશે. તથા માજી સૈનિક તથા દિવ્યાંગ માટેની જગ્યાઓ જે-તે કેટેગરીમાં સમાવેશ કરવામાં આવશે. (૭) વધુ વિગતો માટે જુનાગઢ મહાનગરપાલિકાની વેબસાઇટ https://junagadhmunicipal.org/ પરથી જાણકારી મેળવી લેવી. (૮) આ ભરતી પ્રક્રિયા બાબતે કમિશનરશ્રી, જુનાગઢ મહાનગરપાલિકા, જુનાગઢ જે નિર્ણય કરે તે આખરી અને દરેકને બંધનકર્તા રહેશે.

નોંધ:- ઉપરોકત જા.ક્રમાંક: ૩ ની કેડરની દિવ્યાંગતા નક્કિ કરવા સરકારશ્રીમાં કરેલ દરખાસ્ત અન્વયે સરકારશ્રીમાંથી જે નિર્ણય આવે તે નિર્ણયને આધિન રહીને આગળની પ્રક્રિયા કરવામાં આવશે. જેની નોંધ તમામ ઉમેદવારોએ લેવાની રહેશે.

ફોર્મ ભરવાના સંદર્ભમાં ઉમેદવારો માટેના હેલ્પલાઇન નં.૮૫૯૫૯૦૪૪૦૭

ઇ-મેલ- હેલ્પલાઇન: support@registernow.in રહેશે.

તા.૧૨/૦૩/૨૦૨૪

સ્થળઃ - જુનાગઢ

- સહી -

ડો.ઓમપ્રકાશ (I.A.S.)

મ્યુનિસિપલ કમિશનર

મહાનગરપાલિકા, જુનાગઢ